તમારું રોકાણ

\# હેલ્લો મારું નામ છે...

તેની શ્રેષ્ઠ સંભાળ

NHS
યુનિવર્સિટી હૉસ્પિટલ્સ ઓફ લેસ્ટર
NHS ટ્રસ્ટ

# લેસ્ટર હૉસ્પિટલ્સમાં આપનું સ્વાગત છે

## ગોપનીયતા અને ગૌરવ

અમે હંમેશાં પુરુષ અથવા તો સ્ત્રીને સૂવા માટેની જગ્યા, વૉશિંગ અને ટૉઇલેટની સુવિધાઓ પૂરી પાડવાનો ઉદ્દેશ્ય રાખીએ છીએ.

વૉર્ડ્સમાં, જ્યાં પુરુષ અને સ્ત્રી બંને પ્રકારનાં દર્દીઓ હોય ત્યાં સૂવા, ધોવા અને ટૉઇલેટ માટેની અલગ સુવિધાઓ માટે સ્પષ્ટપણે નિશાનીઓ કરેલી હશે.

## વૉર્ડની દિનચર્યા

દરેક વૉર્ડ પોતાની દિનચર્યા ધરાવે છે:

### વૉર્ડમાં રાઉન્ડ

તમારા ડૉક્ટર રોજ મુલાકાત લેશે. જો તમને કોઈ બીજા સમયે એપોઇન્ટમેન્ટ જોઈએ છે, તો તે માટે અથવા તમારા પરિવારને ચર્ચામાં સામેલ કરવા માટે ટેલિફોન કરવા માટે ડૉકટર અથવા નર્સને પૂછો.

### નર્સની શિફ્ટ્સ

તમારી નર્સો કાર્યસૂચિમાં લખેલી શિફ્ટ્સ પ્રમાણે કામ કરશે અને જ્યારે તેઓ આવે ત્યારે પોતાનો પરિચય આપશે.

તમે નર્સિંગ સ્ટાફને મોબાઇલ ફોન અને આઇપેડ્ઝનો ઉપયોગ કરતા જોશો, કારણકે તેઓ તેમાં નર્સિંગ કેઅરનો રેકોડ્ઝ દાખલ કરે છે જેમ કે બ્લડ પ્રેશર અને પલ્સ.

તમે હોસ્પિટલમાં હોવ ત્યારે, મોટાભાગના સ્ટાફ ચેપનો ફેલાવો રોકવા અને તમને સુરક્ષિત રાખવા માટે કેટલાક રક્ષણાત્મક વસ્ત્રો પહેરશે. આ એક માસ્ક અને પ્લાસ્ટિક એપ્રોન હોઈ શકે છે અથવા તે વિસ્તારના આધારે 'સંપૂર્ણ' રક્ષણાત્મક કપડા હોઈ શકે છે. સંપૂર્ણ રક્ષણાત્મક વસ્ત્રો ભયજનક દેખાઈ શકે છે કારણ કે વ્યક્તિનો ચહેરો મોટો ભાગ માસ્ક / હૂડ અથવા વાઇઝર / ગોગલ્સથી ઢંકાયેલો હોય છે. કૃપા કરીને તેનાથી ચિંતા ન કરો અને સ્ટાફ સાથે  સામાન્ય રીતે વાત કરવાનું ચાલુ રાખો અને તેમને સામાન્ય રીતે જેમ તમે પૂછતા હો તે રીતે પ્રશ્નો પૂછો.

જો તમને સાંભળવાની તકલીફ હોય અને જો તમે લિપ રીડિંગ પર આધારીત છો, તો કૃપા કરીને સ્ટાફને આ કહો કે જેથી તેઓ તમારી સાથે વાત કરવાની રીતમાં ફેરફાર કરી શકે.

## મુલાકાતીઓ અને સંભાળકર્તાઓ

કોવિડ-19 ને કારણે, હાલમાં અમારી હોસ્પિટલોમાં મુલાકાત લેવાનું પ્રતિબંધિત છે. આ દર્દીઓ, પરિવારો, સંભાળ રાખનારાઓ અને કર્મચારીઓને સુરક્ષિત રાખવા અને વાયરસના ફેલાવાને રોકવા માટે છે. ઘણા દર્દીઓ અને તેમના પરિવારો માટે આ ખૂબ મુશ્કેલ હોઈ શકે છે. અલબત અમે તમને સંપર્કમાં રાખવામાં સહાય કરવા માટે અનેક પ્રયાસ કરી રહ્યા છીએ. જો તમારી પાસે તમારું પોતાનું વ્યક્તિગત ઉપકરણ (ટેબ્લેટ અથવા ફોન) છે, તો તમે આનો ઉપયોગ પ્રિયજનો સાથે સંપર્કમાં રહેવા માટે કરી શકો છો. અમારા સમગ્ર સ્થળે; જેમ કે WI-FI મોબાઇલ રિસેપ્શન સારું અને નિ:શુલ્ક છે. જો આ કંઈક તમને મદદરૂપ લાગે તો ડોક્ટર, નર્સો અને ચિકિત્સકો તમારા પરિવાર સાથે નિયમિતપણે સંપર્ક પણ કરી શકે છે. કૃપા કરીને સંપર્ક માટે કુટુંબના એક સદસ્યને નોમિનેટ કરો જે પછી કોઈપણ વિસ્તૃત કુટુંબ અથવા મિત્રોને માહિતી આપી શકે.

સંખ્યાબંધ વોર્ડમાં આઈપેડ પણ હોય છે, જેના દ્વારા અમારા વોર્ડ સ્ટાફની સહાયથી નામાંકિત સબંધિતને વિડિઓ કૉલ્સ કરી શકો છો. આ સેવાનો ઉપયોગ કરવા માટે કૃપા કરીને કોઈ પણ નર્સિંગ સ્ટાફ સાથે વાત કરો.

નાની સંખ્યાના કેસોમાં તમારા કેરર અથવા કુટુંબના સભ્યની મુલાકાત લઈ શકે છે. આ અંગેનો નિર્ણય વ્યક્તિગત જરૂરિયાતોના આધારે લેવામાં આવશે. તમારા અને તમારા પરિવાર માટેના જોખમો વિશે સલાહ માટે કૃપા કરીને તબીબી ટીમ સાથે વાત કરો.

## ભોજન અને ભોજનનો સમય

તમારા ભોજનની પસંદગી કરવામાં સહાય માટે પરિચારિકા સમગ્ર દિવસ દરમિયાન મુલાકાત લે છે. તમારી પાસે પેપર લંચ અને સાંજનું મેનું હોવું જોઈએ જે ઉપલબ્ધ ડીશની શ્રેણી દર્શાવે છે. જો તમારી આહારચર્યા સંબંધિત કોઈ ખાસ જરૂરિયાત હોય તો, વધારાના મેનુઓ ઉપલબ્ધ છે, કૃપા કરીને હૉસ્ટેસ અને વૉર્ડ સ્ટાફને કહો. જો તમને ઓછી ભૂખ લાગી હોય તો મેનુમાં ઓછી ઊર્જાવાળો પોષક ખોરાકનો વિભાગ છે.

તમને તબીબી કારણોસર નિયમાનુસાર આહાર કરવાની પણ સલાહ આપવામાં આવી શકે છે.

જો તમને ઑર્ડર આપવાની વ્યવસ્થા મુશ્કેલ લાગે તો એક રોજિંદું મીલ પ્લાનર તમને પૂરૂ પાડવામાં આવી શકે છે, જે ભરીને હૉસ્ટેસને આપવાનું રહેશે. જો તમને ભોજનના સમયે સહાયતાની જરૂર પડે તો આ બાબત દર્શાવવા માટે તમને એક લાલ ટ્રેમાં તમારાં ભોજન આપવામાં આવશે. હૉસ્પિટલની બહારથી ખાવાનું લાવી શકાશે, પરંતુ કૃપા કરીને ખાતરી કરો કે તેનો બરાબર સંગ્રહ કરવામાં આવે અને તમારી પથારીની પાસે તે બરાબર ઢાંકીને રાખવામાં આવે.

તમને સવારે નાસ્તો, બપોરના ભોજન અને રાત્રિભોજન પીરસવામાં આવશે. આખા દિવસ દરમિયાન નાસ્તા-પાણી પણ ઉપલબ્ધ હોય છે, તેથી કૃપા કરીને ઉપલબ્ધ વિકલ્પો માટે નાસ્તાનું મેનુ જુઓ.

તમને સાજા કરવામાં સહાય માટે સારું પોષણ મહત્વપૂર્ણ છે, તેથી તમને કોઈ સમસ્યા હોય તો કૃપા કરીને સ્ટાફને જણાવો. તમે કેટલો ખોરાક લો છો તેની ખોરાકની ફૂડ રેકોર્ડ ચાર્ટમાં નોંધણી થઇ શકે છે, તમને / સંભાળ આપનારાઓ અને સંબંધીઓ દર્શાવી શકાય છે કે આમાં કેવી રીતે મદદ કરવી.

## તમારે સાથે રાખવી જરૂરી હોય એવી વસ્તુઓ:

- પાયજામા અથવા રાત્રે પહેરવાના કપડાં
- ચશ્માં
- દાંતનાં ચોકઠાં
- પ્રસાધનનો સામાન
- રેઝર
- બ્રશ અથવા કાંસકો
- ટૂથબ્રશ & ટૂથપેસ્ટ
- મોબાઈલ ફોન
- ઘડિયાળ
- ઘરની ચાવીઓ
- થોડા છૂટ્ટા રૂપિયા
- મોજાં
- સ્લીપર્સ

**અગત્યનું**

તમને હોસ્પિટલમાં કોઈ પણ પ્રકારની દવાઓ લાવ્યા હોવ, તો કૃપા કરીને તમારા નર્સને તમારા નજીકના સંબંધીઓના સંપર્ક નંબર સાથે તેમને આપો.

## ફ્રિ વાઇ-ફાઇ

અમે હવે વાઇ ફાઇ સ્પાર્ક દ્વારા અમારા દર્દીઓને વાઇ-ફાઇ સુવિધા પૂરી પાડીએ છીએ.

**'NHS WiFi'** થી કનેક્ટ કરો - કોઈ પાસવર્ડ આવશ્યક નથી.

તમારે દર 24 કલાકે ફરી રજિસ્ટર થવાનું રહેશે.

વધુ માહિતી માટે અહીં જાવ:

**www.leicestershospitals.nhs.uk/ patients/free-Wi-Fi-access-for-patients/**
**or call 0344 848 9555**

## હોસ્પિટલમાં ફોટા લેવા

પહેલેથી મંજૂરી લીધા વિના તમે સ્ટાફ, અન્ય દર્દીઓ અને તેમના મુલાકાતીઓની તસવીરો લઈ શકશો નહીં.

## યુનિફોર્મ્સ

નિયમિતપણે તમારી સંભાળમાં સામેલ થનાર કર્મચારીઓ દ્વારા પહેરવામાં આવતા આ યુનિફોર્મ્સ છે, જો તમે કોઈ યુનિફોર્મ જુઓ જેને તમે ઓળખતા નથી, તો કૃપા કરીને વ્યક્તિને તેમની ભૂમિકા વિશે પૂછો.




## ડોકટર્સ લેન્યાડ્ઝ

દર્દીઓ અને સહકર્મીઓને દર્દીઓની સંભાળ પૂરી પાડતા ડોકટરોના વિવિધ સ્તરોને ઓળખવામાં સહાય કરવા માટે, અમારા ડોકટરો રંગ-કોડેડ ID બેજેસ અને લેન્યાડ્ઝ પહેરે છે.






## વ્યક્તિગત સંરક્ષણાત્મક સાધન (PPE)

તમારી સંભાળ રાખતી વખતે તમારા ક્ષેત્રનો સ્ટાફ પીપીઇ પહેરશે.

આ સાધનસામગ્રી, દર્દીઓ, મુલાકાતીઓ અને કર્મચારીઓને સુરક્ષિત રાખવામાં આપણને મદદ કરે છે.



# જાત સંભાળ

## ચેપનો અટકાવ

### કૃપા કરીને તમારા હાથ સ્વચ્છ કરો



ચેપનું જોખમ ઘટાડવા માટે તમને એન્ટીબેક્ટેરિયલ આપવામાં આવ્યું છે સ્ટેલીસેપ્ટથી ઇરાર તરીકે ઓળખાતા સાબુનો ઉપયોગ દરરોજ કરવામાં આવે છે.

તમને બેક્ટ્રોબેન નામનું બેક્ટેરિયારોધક ક્રીમ પણ આપવામાં આવ્યું હોઈ શકે છે. કૃપા કરીને દિવસમાં ત્રણ વખત તેનો ઉપયોગ કરો.

પોતાનું રક્ષણ કરવા માટે કૃપા કરીને ખોરાક લેતાં પહેલાં અને ટૉઇલેટનો ઉપયોગ કર્યા બાદ તમારા હાથ સાફ કરો.

## પ્રેશર અલ્સર (પલંગના ચાંદા)

જો વ્યક્તિ બહુ બીમાર પડે અને યોગ્ય હલનચલન ન કરી શકે તો કોઈપણ વ્યક્તિને કોઈપણ ઉંમરે પ્રેશર અલ્સર થઈ શકે છે.

તમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવે ત્યારે નર્સ તમારા શરીર પર દબાણ આવતું હોય એવી જગ્યાઓ પર ખાસ ધ્યાન આપવાનું તમને કહેશે. કોઈપણ વિશિષ્ટ ઉપકરણ અંગે અથવા તમારા માટે જરૂરી હોઈ શકે એવી નર્સિંગની વધુ સંભાળ અંગે સ્ટાફને જણાવવા માટે જોખમનું મૂલ્યાંકન પૂરું કરવામાં આવે છે. દર બે એક કલાકે થોડું હલનચલન કરતાં રહો અને પોતાનું સ્થાન બદલવાની કોશિશ કરતાં રહો.

તમને જલદી રિકવરી મળે તે માટે તમે પથારીમાંથી ઊભા થઈને શક્ય તેટલી ઝડપથી હલનચલન કરતાં રહો તે જરૂરી છે.

## લોહી જામી જવું

હૉસ્પિટલમાં હોવાથી તમારા પગ અથવા ફેફસાંમાં લોહી ગંઠાઈ જવાનું જોખમ વધી શકે છે. જોકે સાધારણ નથી, પરંતુ તે ગંભીર હોઈ શકે છે. તમારા પગનું હલનચલન રાખો, કાં તો વૉર્ડની ફરતે અથવા હળવાશથી તમારા પગની કસરત કરવાથી જોખમ ઘટાડવામાં મદદ મળી શકે છે. જો તમને પ્રવાહી લેવા પર પ્રતિબંધ નથી અપાયો, તો પુષ્કળ પાણી પીવાથી પણ મદદ મળશે. કેટલાક દર્દીઓ માટે, જ્યારે તમે ઘરે સ્વસ્થ થાઓ ત્યારે પણ જોખમની આશંકા રહે છે તેથી હૉસ્પિટલ છોડતા પહેલા તમારા નર્સને *બ્લડ ક્લૉટ્સ ઇન્ફોર્મેશન લિફલેટ માટે પૂછો.*

# મુસાફરીની માહિતી

### કાર પાર્કિંગ અને પ્રવાસ

કાર પાર્કિંગ જગ્યાની ખરેખર જેમને જરૂર હોય તેઓ જ તેનો ઉપયોગ કરે તેની ખાતરી કરવાનો અમારો હેતુ છે. શક્ય હોય ત્યાં અન્ય વિકલ્પોનો ઉપયોગ કરવાનો અમે આગ્રહ કરીએ છીએ.

દર્દીઓ અને મુલાકાતીઓ માટે અમારી દરેક હૉસ્પિટલ ખાતે ઑન સાઇટ કાર પાર્ક્સ છે, જે માટે ફી નક્કી કરેલી છે.

ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયલ સિક્યોરીટી દ્વારા નક્કી કરવામાં આવેલા ચોક્કસ લાયકાત સંબંધિત લાભોને કારણે કેટલાક દર્દીઓને વિના મૂલ્યે અથવા ઘટાડેલ દરે પાર્કિંગની પહોંચ મળે છે (વધુ માહિતી માટે કૅશિયર ઑફિસનો સંપર્ક કરો). લૅસ્ટર ઇન્ફર્મરી ખાતે જાહેર કાર પાર્કની બહાર વિકલાંગ વ્યક્તિઓ માટે મફત અંકિત કરેલ બેઝ ઉપલબ્ધ છે.

ગ્લેનફિલ્ડ હૉસ્પિટલ અને લૅસ્ટર જનરલ હૉસ્પિટલ ખાતે જો વિકલાંગો માટે મફત કાર પાર્ક ભરાયેલો હોય તો ભૂરા બૅજધારકો વિના મૂલ્યે કોઈપણ જાહેર કાર પાર્કમાં પાર્કિંગ કરી શકે છે (તેમણે પોતાનો ભૂરો બૅજ બતાવવાનો રહેશે).

ડ્રૉપ-ઑફ પૉઇન્ટ્સ મુખ્ય પ્રવેશદ્વારોની પાસે છે. દર્દીઓ અને મુખ્ય સંભાળકર્તાઓ માટે વિવિધ સીઝન ટિકિટો ઉપલબ્ધ છે.

### હૉસ્પિટલ હૉપર

અમારી હૉસ્પિટલ શટલ બસ (હૉપર) દર 30 મિનિટે દોડે છે અને તે ગ્લેનફિલ્ડ હૉસ્પિટલ, જનરલ હૉસ્પિટલ અને રૉયલ ઇન્ફર્મરીને બ્યુમૉન્ટ લેઝ સેન્ટર, હેમિલ્ટન સેન્ટર અને રેલ્વેસ્ટેશન સાથે જોડે છે (માર્ગમાં મર્યાદિત સ્ટૉપ સાથે). બસ પર તમામ રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કન્સેશન માન્ય છે.

### વધુ માહિતી માટે:

***'કાર પાર્ક ઇન્ફોર્મેશન લિફલેટ'*** માટે કૃપા કરીને વૉર્ડના સ્ટાફને પૂછો અથવા આ વેબસાઇટ પર જાઓ:

www.leicestershospitals.nhs.uk/patients/getting-to-hospital/

બસના માર્ગો અને સમય અંગે વધુ માહિતી માટે **0871 200 2233** પર ટ્રાવેલાઇનનો સંપર્ક કરો

# ચેપ્લેઇન્સી



કેટલીકવાર એવા કોઈની સાથે વાત કરવી મદદરૂપ થઈ શકે છે જે તમારી સંભાળમાં સીધા સામેલ નથી.

તમને અને તમારા સગાંને સહાયતા કરવા માટે અમારા ધર્મગુરુઓ ઉપલબ્ધ રહે છે.

અમારી ટીમમાં ખ્રિસ્તી, હિન્દુ, મુસ્લિમ, શીખ અને બિન-ધાર્મિક મંડળનો સમાવેશ થાય છે. વિવિધ ધર્મો અને માન્યતાઓના સ્વયંસેવકો પણ હોય છે.

### પૂજાનાં સ્થળો અને પ્રાર્થના ખંડો

પ્રાર્થના કરવા માટે અથવા શાંતિથી ધ્યાન કરવા માટે ત્રણેય હૉસ્પિટલો ખાતે પૂજાનાં સ્થળો અને પ્રાર્થનાખંડો છે. પ્રાર્થનાઓ અને સેવાઓ માટેનાં સ્થાનો અને સમય હૉસ્પિટલોની આસપાસ દર્શાવવામાં આવે છે.

જો તમે કોઈ પ્રાર્થના સેવામાં હાજર રહેવા માંગતા હોવ તો કૃપા કરીને ધર્મગુરુ ટીમમાંથી કોઈ સાથે વાત કરો જે સંબંધિત સપોર્ટ પૂરો પાડશે.

### મુલાકાતની વિનંતી કરવી

ધર્મગુરુ ટીમ નિયમિતપણે વોર્ડની મુલાકાત લે છે અને નર્સિંગ સ્ટાફ પણ એક ધર્મગુરુની મુલાકાત લેવાની વિનંતીઓ પર પસાર કરશે. તાકીદના ન હોય એવા સંદેશાઓ પણ ધર્મગુરુ સંબંધિત આન્સરફોન પર છોડી શકાય છે:

ગ્લેનફિલ્ડ હૉસ્પિટલ: **(0116) 258 3413**

જનરલ હૉસ્પિટલ: **(0116) 258 4243**

ઇન્ફર્મરી: **(0116) 258 5487**

તમે અમને ઇમેલ પણ કરી શકો છો:

**chaplaincy@uhl-tr.nhs.uk**

તમે ઇચ્છતા હો તો તમારા પોતાના ધાર્મિક અથવા સાંપ્રદાયિક સમુદાય તરફથી તમારી મુલાકાત લેવાની વિનંતી પણ ટીમ તેમને કરી શકે છે.

## એક સ્મોક ફ્રી હૉસ્પિટલ

અમે ધુમાડાથી મુક્ત હૉસ્પિટલ છીએ અને ઈમારત, પ્રવેશદ્વાર તથા બગીચાઓમાં ધૂમ્રપાનની સખ્ત મનાઈ છે. તેમાં ઇ-સિગારેટ્સના ઉપયોગનો પણ સમાવેશ થાય છે.



હૉસ્પિટલમાં તમારા રોકાણ દરમિયાન તમને પૂછવામાં આવશે કે તમે ધૂમ્રપાન કરો છો કે કેમ. જો તમે ધૂમ્રપાન કરતા હો તો તમારી સારવાર દરમિયાન તમને સમસ્યાઓ થવાની સંભાવના વધે છે.

વધુ વિગતો માટે કૃપા કરીને **0116 454 4000** પર લિવ વેલ સર્વિસનો સંપર્ક કરો.

# અમને કહો કે તમે શું વિચારો છો

અમને અમારી સેવાઓ ને વધુ સારી બનાવવા માટે સહાય કરવા માટે કૃપા કરીને આ રીતો દ્વારા અમને કેટલાક પ્રતિસાદ આપો:

- મેસેજ ટુ મેટ્રન કાર્ડ ભરવું
- પેશન્ટ એક્સપિરીયન્સ ફિડબેક ફોર્મ ભરવું

તમે તમારા રોકાણ દરમિયાન ગમે તેટલી વાર આમ કરી શકો છો અને ફોર્મ્સ વોર્ડ પર મળી શકે છે.

જો તમને કોઈ ચિંતા હોય તો કૃપા કરીને ઇન્ચાર્જ નર્સ સાથે વાત કરો, અથવા તમે અમારી પેશન્ટ ઇન્ફર્મેશન અને લાયેઝન સર્વિસનો (PILS) સંપર્ક કરી શકો છો

ફ્રી ફોન: **08081 788 337** અથવા અહીં મુલાકાત લો: www.leicestershospitals.nhs.u k/PILS




# તમારી 'ઘરે જવાની' યોજના જાણો

**જ્યારે પણ તમે હોસ્પિટલમાં હોવ, ત્યારે તમારે આ પ્રશ્નોના જવાબો જાણવા જોઈએ:**

- મારી સાથે શું બાબત છે?
- આજે મારી સાથે શું થવાનું છે?
- મને ઘરે પહોંચવા માટે શું જરૂરી છે?
- હું ક્યારે ઘેર જઇશ?

# તમારું હોસ્પિટલ ડિસ્ચાર્જ / ઘરે જવું

આપને સાજા થવાનું ચાલુ રહો તે રીતે હોસ્પિટલમાંથી સુરક્ષિત રજા આપવામાં આવે તે સુનિશ્ચિત કરવું તે અમારી અગ્રતા છે.

### આગોતરી તૈયારી

- તમારી વાહનવ્યવસ્થા ગોઠવો અને ખાતરી કરો કે તમારા પાસે ઘરની ચાવીઓ હોય
- ખાતરી કરો કે તમારી પાસે ઘરે જવા માટે યોગ્ય કપડાં છે
- તમે પરત ફરો ત્યારે કોઈ વ્યક્તિ ઘરે હોય એવી વિનંતી કરો

### તમને રજા આપવાના દિવસે

- તમે ઘરે જઈ શકો છો એવું તમને કહેવામાં આવ્યા બાદ ડીસ્ચાર્જ વ્યવસ્થા કરવામાં થોડા કલાકો લાગી શકે છે.
- ખાતરી કરો કે તમારી પાસે પોતાની દવાઓ હોય અને તે કેવી રીતે લેવાની છે તેની તમને ખબર હોય
- તમારા માટે જરૂરી કોઈપણ પ્રમાણપત્રો મેળવો
- તમને ફૉલોઅપ અપોઇન્ટમેન્ટ, વધુ પરીક્ષણો અથવા GP ની અપોઇન્ટમેન્ટની તમને જરૂર છે કે નહીં તે તપાસો
- જો અમે તમારી કિંમતી ચીજોનો સંગ્રહ કર્યો હોય તો તે પાછી મેળવી લો
- ઘરે પાછા જવા માટે ટ્રાન્સપોર્ટની રાહ જોવા માટે તમને ડિસ્ચાર્જ લાઉન્જમાં જવાનું કહેવામાં આવી શકે છે.

જો તમારી પાસે ઘરે જવા માટે જરૂરી વસ્તુઓ નથી, તો કૃપા કરીને સ્ટાફના સભ્ય સાથે વાત કરો. અમારા પરિવારના સભ્ય અથવા મિત્ર દ્વારા અમારા હોસ્પિટલના રિસેપ્શનમાં પેશન્ટ પ્રોપર્ટી ડ્રોપ ઓફ સેવા દ્વારા તમને સિંગલ ડ્રોપ ઓફ સેવા વડે મદદ કરી શકે છે.